કાવ્ય કોડિયાં

# પ્રિયકાન્ત મણિયાર

# પ્રિયકાન્ત મણિયાર

## પ્રિયકાન્ત પ્રેમચંદ મણિયાર

**જન્મ** : 24 જાન્યુઆરી 1927, વીરમગામ

**અવસાન** : 25 જૂન 1976, અમદાવાદ

**કાવ્યસંગ્રહો :**

પ્રતીક 1953

અશબ્દ રાત્રિ 1959

સ્પર્શ 1966

સમીપ 1972

પ્રબલ ગતિ 1974

લીલેરો ઢાળ 1979

વ્યોમલિપિ 1979

---

અનુક્રમણિકા

# અનુક્રમણિકા


એ સોળ વરસની છોરી........................................................................................................5

જલહિંડોલે........................................................................................................6

તું કોણ ? હું કોણ ?........................................................................................................7

કંચુકીબંધ છૂટ્યા ને........................................................................................................8

અંધકાર........................................................................................................9

જાયા........................................................................................................10

હરણ........................................................................................................11

હૃદય........................................................................................................12

રજની અને મધ્યાહ્ ન........................................................................................................13

હેમંતની મધરાત........................................................................................................14

ચંદ્ર-ફૂલ........................................................................................................16

એનું મન........................................................................................................17

વિદ્રોહીને........................................................................................................18

પ્રીતિનું દૂધ........................................................................................................19

ફૉકલૅન્ડ રોડને જોતાં........................................................................................................20

ધૂમ........................................................................................................21

(કાણાવાળો) પૈસો........................................................................................................22

આયુષ્યનું કર્મ........................................................................................................23

કપિ........................................................................................................24

ખીલા........................................................................................................25

એક ગાય........................................................................................................26

કુત્તા........................................................................................................27


[અનુક્રમણિકા](#)

શ્રાવણની સાંજનો તડકો ..... 28
ના ખોલો દિનનાં દ્વાર ! ..... 29
આછી જાગી સવાર ..... 30
ઉત્તર ..... 32
ઉછરંગ ..... 33
પૃથ્વી ..... 34
કેટલીક કડી ..... 35
ગોરસ ..... 36
ભીતિ ..... 37
કૃષ્ણ-રાધા ..... 39
એ ક્ષણો ..... 40
કાળ ..... 41
ચિત્ર અને શિલ્પ ..... 42
શબ્દ હે ! ..... 43
ચાલતાં ચાલતાં ..... 44
નક્કી અહીં આ હું રહું છું ? ..... 46
શ્રાવણ ..... 50
અશ્વ ..... 52
હાડકું ..... 57
જાળવું ..... 58
હવા ..... 59
અશબ્દ રાત્રિમાં મટુકીને ..... 60
ખિસકોલીઓ ..... 61

અનુક્રમણિકા

આપણે......62
ચિહ્ન......66
પારાવારના ફૂલ......67
ફૂલ......68
દિવસે ડૂબું......69
ફરતું ફૂલ......70
મ્હેક......71
છેલછબીલે......73
ઉચાટ......74
કવિઓને પરિપત્ર......75
લીલાં લીલાં ઝાડ......77
લાવ થોડી વાર......78
ગધેડાં......81
એ લોકો......83
સ્નેહ-સમય......84
ફૂલનો ફટકો......86
કયાંય આકાશ નથી......87
ધૂમી રહ્યું છે......88
સુખદુઃખ......89
ચિરંતન સ્મૃતિ......90

અનુક્રમણિકા

## એ સોળ વરસની છોરી

એ સોળ વરસની છોરી,
સરવરિયે જલને ભરતી તોયે એની મટકી રહેતી કોરી.

ગગનભર્યા ઘનશ્યામ અષાઢી વાદળ કેરું એ તો
અંજન આંજે,
મઘમઘ  મ્હેક્યાં ડોલરનાં કૈં ફૂલ સરીખાં ગાલે
ખંજન રાજે;
જેની હલકે માયા ઢળકે એવી છાયા ઢાળે નેણ બિલોરી.
મહી વલોવે રણકે સોનલ કંકણ જેના મલકે મીઠા સૂર,
ગોરા ગોરા ચરણે એના ઘૂઘરિયાળાં રૂપાનાં નૂપુર;
કંઠ સુહાગે સાગરનાં મધુ મોતી રમતાં બાંધ્યાં
રેશમ-દોરી.

એનાં પગલે પગલે પ્રગટે ધરતી-ધૂળમાં કંકુની શી રેલ,
એના શ્વાસે શ્વાસે ફૂટે ઘુમરાતા આ વાયરામાં વેલ;
એના બીડ્યા હોઠ મહીં તો આગ ભરેલો ફાગણ
ગાતો હોરી.

-------------------------------------------------

અનુક્રમણિકા

## જલહિંડોલે

ડોલે, જલહિંડોલે ડોલે,

ઝૂલતું ઝૂલતું ફૂલ સમું કોણ જાય રે ઝોલે?

પટનું તરલ લઈને એનું

અતીત કેરું ગીત,

તટની મૂંગી જલતી રેણુ

પાસ ભરીને પ્રીત;

પલમાં આતુર પ્રાણને ખોલે.

---

અનુક્રમણિકા

## તું કોણ ? હું કોણ ?

તું  કોણ ? હું કોણ ? અને વળી શી

આ પ્રીતની ગૂઢ અકથ્ય વેદના ?

 રચી  રહી શ્યામલ  વાદળી  શી

રંગોભર્યા મેઘ-ધનુષ્ય  ભેદનાં,

ને એની એ  અંતરમાં  ભળી  શી

વલોવતી અર્ણવ મૂઢ  ખેદના;

તારી અહો  દૃષ્ટિની આંગળી  શી

લખી જતી ચિહ્ન ન અબૂઝ છેદનાં;

રે પદ્મિની!  કિંતુ હવે  મળી  શી

બાંધી રહી તું બિસ-તંતુ કેદના;

તું કોણ? હું કોણ ?  અને વળી શી

આ પ્રીતની ગૂઢ અકથ્ય   વેદના ?

અનુક્રમણિકા

## કંચુકીબંધ છૂટ્યા ને

કંચુકીબંધ છૂટ્યા ને હટ્યું જ્યાં હીર-ગુંઠન,
હૈયાનાં લોચનો જેવાં દીઠાં બે તાહરાં સ્તન.
વૃત્તિઓ પ્રેમની સર્વ કેન્દ્રિત થઈ જ્યાં રહી;
પ્રીતના પક્ષીનો માળો રાતી નીલી નસો મહીં.

અગમ્ય રૂપનાં કિંતુ ત્વચા તો પારદર્શક,
મનનાં લોહને મારાં ચુંબક જેમ કર્ષક .
દીસંત આમ તો જાણે ઘાટીલી નાની ગાગર,
જાણું છું ત્યાં જ છૂપા છે શક્તિના સાત સાગર!

મન્મથ-મેઘ ઘેરાતા કાયના વ્યોમમાં લસે,
તારા ત્યાં સ્તનનાં જાણે મોરલા ગ્હેંકી ઊઠશે!
દીઠું મેં એવું એવું કૈં ભાવિ ને ગત કાલની
વસંતો ઊર્મિઓ વેરે સાંપ્રતે હ્યાં જ વ્હાલની;
કંચુકીબંધ છૂટ્યા ને-
રહસ્ય-બંધને બાંધ્યો..

-------------------------------------

અનુક્રમણિકા

## અંધકાર

પૂર્વે આછાં ઝરણ દ્યુતિનાં મંદ વેગે વહેતાં;
સેજે સૂતી પ્રિય હજીય તો, રેશમી વ્યસ્ત વેશ;
હું ત્યાં-વીત્યા રજની-પ્રહરોની કથા સ્પષ્ટ ક્હેતા—
એના તે સૌ શિથિલ નીરખું સ્નિગ્ધ ને શ્યામ કેશ.

છો છુટ્ટા એ, વળી થઈ રહ્યો રાત્રિનો છો વિદાર,
હૈયામાં તો (નિકટ સ્વસતાં) ગુપ્ત રે છે ગૂંથાયો,
રંગે ખીલ્યાં મધુ અધરનાં મત્ત કૈં પુષ્પ-છાયો
શ્યામાની સૌ અલકલટ શો રાત્રિનો અંધકાર.

---

અનુક્રમણિકા

## જાયા

પાલવમાં ધબૂરી

એ આવી લૈને શિશુ-ફૂલ પ્હેલું,

હૈયું ભર્યું હર્ષથી ઘેલું ઘેલું;

મારીય ના ૨્ હૈ જ તદા સબૂરી,

જોઈ રહું પાલવને હટાવી--

મારો અરે વિગત શૈશવકાળ લાવી !

---------------------------------

અનુક્રમણિકા

## હરણ

તારું હૃદય
તો ચંદ્ર જાણે જે ઉજાળે આભ આ અંધરમય;
તારે વિશે મારી પ્રીતિ—

કિન્તુ એને કારણે મારી અચળ શી આ સ્થિતિ;
યુગયુગ થકી જેણે કદી રે એક પણ એનું ચરણ
માંડ્યું નથી—તે ચંદ્રમાં પુરાયેલો હું તો હરણ.

---------------------------------

અનુક્રમણિકા

## હૃદય

દિનરાતની કાવડ મહીં આ અંધ મારા શ્વાસને,

ઉચ્છ્ વાસને—

ભાવિ કેરાં તીર્થ કાજે લૈ જતું કેવું હૃદય

જાણે શ્રવણ--

-------------------------------------------

અનુક્રમણિકા

## રજની અને મધ્યાહ્ન

સંસારના વિષમ સૌ વ્રણ શું રુઝાયા
એવી ઠરી વિમલ આ રજની પ્રશાંત;
ત્યાં દીપ કૈં અરવ એવું વદી બુઝાયા
થાશે ત્વચા નવલ આ ઊગતું પ્રભાત.

મધ્યાહ્ નનું નીરખું કિન્તુ શું દૃશ્ય ઓ રે !
આ ગ્રીષ્મની પ્રખર વ્યાકુલતાની માંહ્ય
પીંખી રહ્યો પલપલે ધરતીની કાય
રે સિંહરૂપ રવિ તો નિજ ક્રૂર ન્હોરે.

------------------------------------

અનુક્રમણિકા

## હેમંતની મધરાત

એવા બુઝાયા દીપકો જાણે શમ્યા જ શરાબતર

કો માનવીના ખ્યાલ, ઘટતાં ઘેનની ઘેરી અસર;
રે શ્વાસહીણ યંત્રાલયોના ર્ હૈ ગયા ઉચ્છ્ વાસ  પણ;
જંપી ગયા રુગ્ણાલયે દર્દી તણા નિશ્વાસ-વ્રણ;

બે હૃદયની એવી એવી ગૂઢ કૈં રે વાત શી
ફૂલનું હૈયું લઈ હેમંતની મધરાત શી
જામી ગઈ; પામી ગઈ સૌ આંખડી નિજનાં સ્વપન
જે શોધતાં દિનને વિશે તો સર્વનાં અતિ ખિન્ન મન !
પંથ પર ચાલ્યું જતું કો માનવી જડતું નથી,

ભૂલથી જાગી ગયેલું બાળ પણ રડતું નથી;

ઊંડાણના અનુરાગથી મૃદુ ઓષ્ઠના ચુંબન સમું
અદૃશ્ય શું જન્મી ગયું કોઈ ગહ્નતમ વન સમું.
શી અરે કૈં ઓપતી સ્રોવર  સપાટી શાંત છે
જાણે સકલ બસ સ્પષ્ટ છે; હ્યાં ના કશું યે ભ્રાંત છે.
શાંતિની શી લીનતામાં મીન સૌ લેટી ગયાં,

સંસારનાં સુખદુ:ખ પરસ્પર શું અજબ ભેટી રહ્યાં !

અનુક્રમણિકા

આછી રહી કો વાદળી શું વ્યોમ માંહે, ચંદ લૈ
પોઢી ગઈ; ઉડુની મીંચાઈ આંખડીયે મંદ કૈં,
અંધારને ઓઢી અહો સૌ વૃક્ષ પણ નિસ્તબ્ધ છે;

યોગીજનોનાં મન સમું જાણે સકલ સંબદ્ધ છે.

પાતળું મલમલ હવાનું મુક્ત પણ ફરકે નહીં,
ને રાત આ ગળતી જતી પણ લાગતું સરકે નહીં.

સંસારની હલચલ બધી શી અંધકારે શાંત-રસ,
ટકટક થતી રે  ત્યાહરે પણ ચાલતી ઘડિયાળ બસ.

---------------------------------------

## ચંદ્ર-ફૂલ

મંદ વેગ વાયુ ઓસથી ભર્યો,

સુષુપ્તિથી સહેજ ઘેન-ભાર નેનમાં છ ઓસર્યો;

તહીં શું વ્યોમથી વિહંગ,

શ્વેત રંગ,સ્નિગ્ધ અંગ,

આવતાં હું પેખતો ધરાતલે...

નહીં, અહીં અરે

ખીલેલ ચંદ્ર-ફૂલ આ ખરી પડે દલેદલે

સરી જતી અશેષ શર્વરી પરે !

------------------------------

અનુક્રમણિકા

## એનું મન

ખીલ્યું એનું મન
જાણે વસંતનું વન;

મને પતંગને પૂછે ડાળ : 'ક્યું ફૂલ ઝંખો?'

અને તહીં ઝૂમી
હું તો લેવા જઉં ચૂમી
ત્યાં તો સર્વને એ સંકેલતી જાણે ચીની-પંખો !

---------------------------------------

અનુક્રમણિકા

# વિદ્રોહીને

તમારા સ્નેહની રુશનાઈ ન'તી મેં એવી જાણી  કે
લખાશે ગ્રંથ પૂરો ત્યાં બધા અક્ષર ઊડી જાશે;
સમંદર ખેલનારી એ ન'તી મેં એવી જાણી કે
તમારી નાવ ઝાકળ-બિન્દુની માંહે બૂડી જાશે !

------------------------------------

અનુક્રમણિકા

## પ્રીતિનું દૂધ

ના કોઈએ રે દુગ્ધ મારી પ્રીતિ કેરું મેળવ્યું;

ના કોઈએ અમૃત સમું એને વિશે દધિ ભેળવ્યું;

કલ્પનાઓ રહી ગઈ—એનું થશે નવનીત, ને

આનંદનાં સૌ ગોપગોપી એનું ગાશે ગીત—રે

બગડી ગયેલું એ હવે તો શેરી કેરી ચાટમાં ચાલ્યું જશે

જ્યાં કમનશીબીના અરે કુત્તા બધા લબલબ કરીને ચાટશે.

--------------------------------------

અનુક્રમણિકા

## ફૉકલૅન્ડ રોડને જોતાં

રે સૂર્યમાં માછલીઓ તરી રહી;
ઉલ્કા કશી આ નભથી ખરી અહીં.
સમુદ્ર ને નીર સુપ્રાપ્ય શર્કરા !

હેમંતમાં આંહી વસંતના ઝરા !
શાં પ્રીતિનાં પ્રેત? રહસ્ય ભીતિનાં?
અનંગ ! તારી રતિની સ્થિતિ આ !

-------------------------------------

# ધૂમ

શાંત

શિયાળાની રાત,

એકલો ના અંધકાર,

વાયુનીયે આરપાર

અહીંતહીં છાઈ

અરે પથરાઈ

કારખાનાં તણી ધૂણી; જેને વિશે

નગરના તેજવંત વીજ-દીવા, ગગનના ઝાંખા તારા એક દીસે !

-------------------------------------------

અનુક્રમણિકા

## (કાણાવાળો) પૈસો

રૂપિયા મહીં રૂપું નહીં એનો મને ના ખેદ,
જાણું થોડો ભેદ ને હું મન મનાવું તોલ એનો એ જ;

ને અવરની તો શી તથા,

પણ એક આ પૈસો ગયો પલટાઈ એની તો કથા
કૈંક મુજને આમ લાગે:

પ્રથમનો જે એ હતો એ એ જ છે પણ તાકી તાકી
રોજના જોનારની

(ક્યારેય ના ખોનારની)

શી નજર બસ સોંસરી ઊતરી ગઈ છે મધ્ય ભાગે.

----------------------------------------

અનુક્રમણિકા

## આયુષ્યનું કર્મ

જોઈ લીધું કર્મ મેં આ આયુનું—

કેટલાયે કાળથી,

તાણો લઈને શ્વાસનો

વાણો લઈને ઉચ્છ્ વાસનો

ને ફેફસાંની સાળથી

છે વસ્ત્ર વણવું વાયુનું.

-----------------------------------

અનુક્રમણિકા

## કપિ

છલંગ ભર ફૂદતા ઉર-ઉટંગ, વૃક્ષો પરે,

જરીય નહિ જંપ, ખિન્ન ઝઘડે કદી તો અરે

પરસ્પર વિરોધમાં, સહજ ક્યાંય ના સ્થૈર્યથી

ઘડીક પણ બેસતાય –કપિ એ જ શું ધૈર્યથી

નિ:સ્તબ્ધ અતિ શાંત  ક્ લાંત સ્થિત હ્યાં ભરી શોકને

કશો નયનમાં મુખે: નીરખતા રહ્યા લોકને

ઊંચા નગર વૃક્ષથી –અકલ જ્ઞાન જાગી જતાં

અરે દુખદ તેહની હૃદય—ચોટ લાગી જતાં

વિષાદમય મંથને: મનુજજાતિની આ સ્થિતિ ?

અનંત વરસો પછી અમ સમી જ રે છે રીતિ;

વિરાટ ગતકાલની બસ મહાન ઉત્ક્રાંતિ  આ ?

વિકાસક્રમની કશી પ્રકૃતિની અહીં ભ્રાંતિ આ !

-------------------------------------------

અનુક્રમણિકા

## ખીલા

મેદની વિખરાય;

ને આ વૃદ્ધ જેની કાય

તે લોહાર આવી કાષ્ઠના એ ક્રૂસ પાસે

(જે થકી નીતરી રહ્યું રે રક્ત એવું—શુદ્ધ જાણે સૂર્યનું

ને લોચને વિલસે વળી તો ચંદ્રનું માધુર્ય શું !)

જઈ જુએ શું એકશ્વાસે:

મેં મકાનો બાંધવાને જે ઘડ્યા

રે તે ખીલા તો અહીં જડ્યા !

---------------------------------

અનુક્રમણિકા

## એક ગાય

ક્યાંકથી

ભૂલી પડી આવે હવા બસ; તૃણ નથી

ચોમેરમાંયે; તપ્ત કણ છે રેતના; તડકો પડ્યો;

ત્યાં કાય તો કેવલ કૃશ હાડકાંનો માળખો

ને એ છતાં એ શ્વાસ લેતી (જેની તો અચરજ થતી)

--હાથમાં આવી ગયેલા મૃત્યુને વાગોળતી !

------------------------------------------

અનુક્રમણિકા

## કુત્તા

આગંતુકોને વચમાં જ ખાળી

ના જોશથી કૈં ગરવું ભસે છે;

રસ્તે જતા કો ગજરાજ ભાળી

ના વામણા એ વરવું ભસે છે.

બિલ્લી ગઈ હાથથી; થૈ અધીર

ના ભાગ્યહીણા બબડી ભસે છે;

યુદ્ધે ચડ્યા એ વરણાગી વીર

ના દુશ્મનોને કરડી ભસે છે.

પેખી નદીમાં નિજનું જ રૂપ

ના છાયથી ત્યાં ભરમી ભસે છે;

નિહાળીને તસ્કર કોઈ ચૂપ

ના રાત્રિમાં કૈં મરમી ભસે છે.

ના જાણું રે કારણ શું વસે છે,

મારા જ કુત્તા મુજને ભસે છે.

---------------------------------------

અનુક્રમણિકા

## શ્રાવણની સાંજનો તડકો

શ્રાવણની સાંજનો તડકો ઢોળાયો મારા ચોકમાં,
જાણે હેમનો સોહ્યો હાર ગરવી તે ગાયની ડોકમાં.

આવ્યા અતિથિ હો દૂરના કો દેશથી એવો સમીર તો ચૂપ,
તોય રે લજાઇને કયાંકથી રે આવતાં મંજરીનાં મ્હેક
મ્હેક રૂપ;
સૂરને આલાપતી ઘડીઓ ઘેરાય શું વાંસળીને વેહ કોક
કોકમાં.
આથમણા આભમાં કોઇ જાણે રેલતું અંતરના તેજનો સોહાગ,
વાદળની વેલ્યને ફૂટયાં રે ફૂલડાં જાણે અનંગનો બાગ;
રજનીના રંગનો અણસારો આવતો આભના રાતા
હિંગળોકમાં.

---

અનુક્રમણિકા

## ના ખોલો દિનનાં દ્વાર !

કોઇ સંધ્યાથી શમણામાં,

રાત રમ્યું છે રસરમણામાં;

રે ના ખોલો દિનનાં દ્વાર !

તૂટી જાશે કો’ની કાચી નીંદર કેરો તાર.

મધુ મ્હેકે છે રજની રાણી,

અરવ હવાની વિહરે વાણી;

ગગન ઝરે છે શશિયર કેરી સર્વ સુધાનો સાર.

બિન્દુ બિન્દુ શા નવલખ તારા,

શાંત ઝમે છે જ્યોતિર્ધારા,

શો એનો આખા અવકાશે વ્યાપી રહ્યો અંબાર.

કોઇ ફરે છે પરી પ્રદેશે;

ઝલમલ ઝલમલ ઉરને વેશે;

કંજઘટા ઓઢીને પોઢી મલમલિયો અંધાર.

---------------------------------------------------------------

અનુક્રમણિકા

## આછી જાગી સવાર

આછી જાગી સવાર,
નીંદરની મધુ કુંજ થકી ને સ્વપ્નોલોકની પાર.

પારિજાતના ઝરણે ન્હાઇ
કોમલ એની કાય,

વ્યોમ-આયને જેની છાઇ
રંગરંગની ઝાંય;
ઓઢયો પાલવ સાગરજલનો છલછલ નીલનિતાર.

લહર લહર સમીરણની વાતી
કેશ ગૂંથતી જાણે,

અંબોડામાં શું મદમાતી

અભ્ર—ફૂલને આણે;
કે જેનો ઊડતાં પંખીના કલરવ માંહી બહાર.

ભુવન ભુવનના ઉજ્જવળ રવિની
બિન્દી અહો લગાવી,

દિશા દિશાના મુખરિત કવિની

વાણી રહી વધાવી;

રંગમંદિરે જાવા જાણે સજી રહી સિંગાર.

---

## ઉત્તર

શું કરો છો ભાઇ ! હ્યાં આ જિંદગીની ધૂળમાં ?

આશના એકમ ઉપર મીંડાં ચડાવ્યે જાઉં છું;
ને ડોલતાં આ પાન કેરું ગીત હુંયે ગાઉં છું,
દર દરખતે લયલા વિશે મજનૂ પડયો છે મૂળમાં;
બાગમાં નહિ આવું હું રે શું ભર્યું છે ફૂલમાં-
જાણું નહીં ને મ્હેકથી નાહક અરે મૂંઝાઉં છું.
મક્કા જતાં મુજને તમે જો લૈ જતાં હો ભૂલમાં
તો આપના આ કાફલામાં આવવા લલચાઉં છું.

---

અનુક્રમણિકા

## ઉછરંગ

રજરજ હવામાં પ્રેમનો પ્રસરી ગયો શો પાસ છે;
હર ફૂલથી બસ એ જ શીતલ મસ્ત વ્યાપી વાસ છે;

કોટિ કિરણે સૂર્યના શી શુદ્ધ ઝાકળ પ્યાસ છે;
હોઠ પર તાજી હજી તો કોઇની ભીનાશ છે;
પલ પલ બધી છલ છલ થતી, આશ્લેષ ને ઉલ્લાસ છે;

અદૃશ્ય અંગ અનંગને આ પ્રગટ રતિનો શો રચાયો
રાસ છે !

---

અનુક્રમણિકા

# પૃથ્વી

વિસ્તારના અતલ વારિ વિશે અનંત
જેનાં દલેદલ ખીલે – રવિરશ્મિ ઝીલી
તે પૃથ્વી તું |! કમલ રૂપ; હ્વા મદીલી
લ્હેરાય ને સકલમાં મહકે વસંત;
ને રાત્રિમાં કુમુદ તું જ; મયંકધારા
હૈયા મહીં છલછલે; મધુ કેરું પાન
ચાહી, અરે ગગનથી શુંય ગુંજી ગાન,
ઝૂમી રહે ભ્રમરરૂપ અગણ્ય તારા.

અનુક્રમણિકા

# કેટલીક કડી

કેટલું સ્હેલું અરે જલની લહરને જાગવું,
કેટલું વ્હેલું અરે જલની લહરને ભાંગવું.

છો ભલે આજે હવે મેં દૃષ્ટિ મારી ખોઇ છે,
અંધારની ને તેજની મેં એક સીમા જોઇ છે.

નાહક બધી આ વેલીઓ રે આસમાને છે પૂગી,
જેનો નશો અમને ચડે તે દ્રાક્ષ તો કયાં છે ઊગી ?

ફૂલનો બોજો કદી કો ડાળને હોતો નથી,
જાણીબૂઝીને હું હવે આ આંસુને લ્હોતો નથી.

---

અનુક્રમણિકા

# ગોરસ

કૃષ્ણ : ગોપી ઉતારો ગોરસની આ મટકી,
શીદ લગાડી ચિતને એની ચટકી ?
અમે તમારી વૃંદાવનમાં દીધી ધેનુ ચરાવી,
મઢી દીધી શિંગડીઓ સોને, રેશમ ઝૂલ ભરાવી;
અણમૂલાં મહી મથુરા વેચો – વાત બધી તે ખટકી.

ગોપી : જાવ જાદવા, જુઠ્ઠા ! આવી રાતે દીપ સંકોરી,
હૈડે રાખ્યાં અમ ગોરસને તમે ગયા તો ચોરી;
મન માન્યું એ મહી લીધું ને છેલ ગયા છો છટકી.

કૃષ્ણ : મૂલ શું માગો એવું અરે આ લઇ લો મનની માલા,
અમે ન લઇએ દાણ પછી તો શીદ વૃંદાવન વ્હાલાં !
બહુ બોલો તો તમ સંગાથે આજ થકી અમ કટકી.

ગોપી : અરે સાંવરા ! મનની મૂરત, તું જ અમારો રાગ,
આવનજાવન જમુના જલમાં નાથ્યો ઝેરી નાગ;
મથુરા જઉં ? કે ગોકુલ રહું ? આ અધવચ હું તો અટકી.

---

અનુક્રમણિકા

# ભીતિ

નાવ ધીરે હંકારો વ્હાલા ! નાવ ધીરે હંકારો !
આવ્યો ચીર હર્યાં તે આરો, વ્હાલા ! ચીર હર્યાં તે આરો.
એક અમારી ગાગર ડૂબી મળી ગઇ તે પાછી,
જલ સંગાથે રમી રમીને ઝળકે એ તો આછી,
હાવાં હેત કરી નવ ડારો, વ્હાલા ! હેત કરી નવ ડારો !
એક અમારું કંકણ ડૂબ્યું મળી ગયું વનમાળી,
અબળાની એ લાજ રહી તે કહીએ પાલવ ઢાળી,
રે આ વેગ હવે કૈં વારો, વ્હાલા ! વેગ હવે કૈં વારો !

ઘેરાં અષાઢી શમી ગયાં છે જમનાજીનાં પાણી,
ગોકુળ આવ્યું ગમતું, છાયા કદંબની લ્હેરાણી,
એનાં પાન કરે પલકારો, વ્હાલા ! પાન કરે પલકારો.

અહીં ના ડૂબ્યાં, તહીં ના ડૂબ્યાં, ડૂબ્યાં જમુનાતીરે,

અનુક્રમણિકા

તો તો થાશે સમજો શ્યામલ અમ આંસુનાં નીરે

ઓ રે જમુના દરિયો ખારો, વ્હાલા ! જમુના દરિયો ખારો.

---

## કૃષ્ણ-રાધા

આ નભ ઝૂક્યું તે કાનજી
ને ચાંદની તે રાધા રે ,
આ સરવરજલ તે કાનજી
ને પોયણી તે રાધા રે,
આ બાગ ખીલ્યો તે કાનજી
ને લ્હેરી જતી તે રાધા રે,
આ પરવત શિખર કાનજી
ને કેડી ચડે તે રાધા રે,
આ ચાલ્યા ચરણ તે કાનજી
ને પગલી પડે તે રાધા રે,
આ કેશ ગૂંથ્યા તે કાનજી
ને સેંથી પૂરી તે રાધા રે,
આ દીપ જલે તે કાનજી
ને આરતી તે રાધા રે ,
આ લોચન મારાં કાનજી
ને નજરું જૂએ તે રાધા રે !

---

અનુક્રમણિકા

## એ ક્ષણો

એ ક્ષણો

ભાલ પર સોહતા અક્ષત –કંકુરંગ્યા કણો---

ના સમી; કિન્તુ રે અહીં જતાં વાટમાં,

તહીં જતાં ઘાટમાં,

ખબરેય ના રહી જરી જરી --

ક્યાં અને ક્યાહરે ગૈ ખરી!

---

અનુક્રમણિકા

## કાળ

આ કશું

કાળનું રે પશુ ?

જે મળ્યું તે ઉદરની મહીં ઓરતું,

(સર્વ એ ક્યાં જતું ?)

તરલ જલને વિશે સરતું કો મીન

હો, કે હરણ કેલિમાં લીન

યે,તૃણ ચરે અશ્વ મેદાનમાં,

કે વિહગ મત્ત કૈં ગાનમાં,

ગાય ફાડી રહ્યો સિંહ

કે યોનિમાંથી હજી પ્રસવ રે પામતું માનવી ડિમ્ભ

હો, ભક્ષ્યમાં ભેદ ના કોઈ એને અરે

સતત બસ ચર્વણા, દંષ્ટ્રથી રક્ત કેવું ઝરે ;

શિશુ અને વૃદ્ધનો સ્વાદ જુદો નહીં .

નર અને નારમાં અલગ નવ કોઈ વૃત્તિ રહી.

-------------------------------------------

અનુક્રમણિકા

## ચિત્ર અને શિલ્પ

નિહાળ્યો જેહને છે ના, તેનું રે ચિત્ર દોરવું !

મારે આ વાયુની માંહે કોનું રે શિલ્પ કોરવું ?

---

અનુક્રમણિકા

## શબ્દ હે !

શબ્દ હે ! વિલુપ્ત મૌનની તું શેષ ધૂળ,
રે રહસ્યનું ખીલેલ અર્ધ –ફૂલ,
ઓસબિન્દુમાં ડૂબેલ સુર્ય શાંત ,
ને કદી સુરા પીધેલ ચંદ્ર ભ્રાંત ;
સુહાવતી તને મયુર –પિચ્છની છટા,
છતાંય સાથમાં ભર્યા શું વ્યાઘ્ર-ચર્મના ચટાપટા;
ભરેલ જિંદગી જલે અનંત કૂપ તું ,
છતાંય નિત્યનું જ શૂન્યનું સ્વરૂપ તું !

---

અનુક્રમણિકા

## ચાલતાં  ચાલતાં

શહેરનો રાત્રિનો માર્ગ વિચારોથી ભર્યો ભર્યો,
તેજીલા વીજદીવાની વચ્ચેથી હું વહ્યો જતો.
ઓચિંતા નીરખુ મારી છાયા શી સરકી જતી
વેગીલી આવતાં કાર દોડતી તીક્ષ્ણ દૃષ્ટિએ,
ચાંપેલી ચરણે મારી છાયા શી સરકી જતી ;
સામેથી આવતાં અન્ય વળી ત્યાં કોઈ વાહ્ન
ઘૂમતી શીઘ્ર તો એવી મકાને કો ચડી જતી,
પથના દીપના તેજે ઢોળાયાં જલના સમી ;
ઘડીક ઠીંગણું રૂપ લાવતી તો પ્રમાણમાં
ઓચિંતી વધતી કિંતુ લાંબા કો સળિયા સમી;
એક્કીસાથે ધરે રૂપ ત્રણ કે ચારથી   વધુ,
મુખ્યત્વે આકૃતિ માત્ર ,ઇન્દ્રિયોનું કશું નહીં ;
પુલ પે ચાલતો તોયે નદીના પટમાં વહે ,
તીરનાં વૃક્ષનાં પર્ણે ચોંટીને ઉપરે ચડે;
ઓચિંતી વ્યોમથી વર્ષા પાણી તો પગથી લગી
જલનાં બિંદુ બિંદુએ આવી તો ગેલમાં જતી ,
થંભું હું ક્યાંક તો કેવી જાવાને તડપી રહે

અનુક્રમણિકા

વ્હેતા એ વ્હેણની સાથે મૂકીને મુજને પૂંઠે !
દૃષ્ટિયે મેળવી જેની સાથે ના ક્ષણ એક તે
અજાણી નારીના આછા સાળુમાં જઈને રમે,
આખાયે પથને રોકે એટલી પુષ્ટ થાય એ ;
ક્ષણનું સઘળું રૂપ, ક્ષણમાં લુપ્ત થાય ,ત્યાં
વિરૂપ રૂપનો પ્રશ્ન? અન્ય સાથે ભળી જવું ;
ભરાતી સર્વ આંટામાં ગાડીના મંદ ચક્રમાં
ચાલતાં ર્ હેટનું દૃશ્ય દૃષ્ટિ સામે થતું ખડું ,
લક્ષ્યને પ્હોંચતાં પ્હેલાં  મારી તે મોર પ્હોંચતી;
અંધારા કોક ખૂણામાં દેખાતી ગેબ એ થતી.
જૂજવાં જૂજવાં રૂપ પેખ્યાંથી ક્લાંત હું હવે
લોચનો મીંચીને થંભું સર્વે ત્યાં એકઠાં થતાં ,
અજાણ્યા ધૂંધળા આછા ઘેરા અંધાર રૂપમાં ;
ફરીને લોચનો ખોલું , નીરખું હું નહીં  નવું ,
અનંત જૂજવા રૂપે એ જ હું  એ જ હું લહું .

છાયાના રૂપમાં આ તો મારાં સૌ ચિત્ર ચાલતાં ,
ચાલતાં ચાલતાં જોયું મારું મેં  ચલચિત્ર આ .

---------------------------------------------------

અનુક્રમણિકા

## નક્કી અહીં આ હું રહું છું ?

નક્કી અહીં આ હું રહું છું ?
નક્કી અહીં હા , હું રહું છું .

આ જ સરનામે મને મળતાં બધાં પત્રો,
ભોંયતળિયે ,છેક નીચે ,
પોસ્ટના પરબીડીયાના જેટલી તો છે જગા ;
ને ઉપરની કોક નાની ટિકિટ સરખી એક બારી,
એ થકી સૂર્યે કદી જોકે મને જોયો નથી;
એ થકી ના ચંદ્રને મેંયે વળી જોયો કદી ;
એ બારી તો

અહીં તહીં બધે ઉપરનીચે વાંકાચૂકા
રહેતા પડોશીના બજંતા રેડિયોની રેકોર્ડોને ચાલવાનો માર્ગ,
એ જ બારી પાસ વીત્યાં
આજ પહેલાંનાં બરાબર વર્ષ મારાં વીસ ઝૂલે,
ઝાંખી છબીમાં વર્ષ મારાં વીસ ઝૂલે ,
એમાં રહેલી આંખ જુએ
કે અહો શું આ જ મારું રાચવાનું
રાચરચીલું ?

અનુક્રમણિકા

ચાળીસ લગ પથરાયેલી આ જિંદગી.....

આજ ઊઠતાંવેંત હું તે ક્યાં વિચારોમાં વહું છું ?

દિવસ જન્મ્યો ને છતાં ના દર્પણે દેખાઉં હું,

દિવસ રાતે એનું એ છે તેજ હ્યાં તો!

સ્વિચમાં સઘળું સમાયું ,

સ્હેજ કટ-

કેવું પલકમાં તો બધું પ્રગટી ગયું !

પ્હેલાં પ્રથમ મુજને વિહંગો બહુ ગમે ,

કેટલાં વર્ષો પરે મેં એ  વસાવ્યાં ,

આ પડ્યાં ટેબલ ઉપર

જેનું નહીં પીછુંય તો ફરક્યું કદી તે રંગહીન રૂનાં કબૂતર.

ને કોણ એવું માનવી કે ફૂલ જેને ના ગમે ?

ખીલ્યાં ન તે કરમાય ક્યાંથી ફૂલદાનીમાં?

એની તૂટે ના દાંડલી એ કાગદી,

કઈ રીત એ કુંતલ ભરાવું કોઈને?

એની નજીક બે ગાય નાની ધાતુની

જાત્રા વિશે માને ગમી ગઈ એ હતી,

કોને સ્મરણ સ્તન્યપાનનું ?

અનુક્રમણિકા

ને મે? કદી ચાથી અલગ તો દૂધને પીધું નહીં !

ત્યાં કૃષ્ણ કરતા સ્મિત ,વેજિટેબલ કંપની કૅલેન્ડરે,

ત્યારે મને પણ આવતું હસવું ;

શિવ-તાંડવ-નૃત્ય ચાલે આશ્રયે ડ્રગ સિંડિકેટ ઉપક્રમે !

છાજલી ભરચક ભરેલી ,

રાયતાં,કેરી, અથાણાં ,

આડુંઅવળું કેટલું બીજું બધું ,

થોડી દવાની શીશીઓ,

એકાદ-બે ખાલી પડ્યાં ઇન્જેક્શનો,

ને બ્લેડ ઝાઝી વારની વપરાયેલી ;

ત્યાં પથારી આસપાસે 'ચિત્રલેખા'

બીજગુપ્તે જે ચહી, ને મેં નહીં;

ગીતા સમશ્લોકી,

આવ્યું બધું જેની મહીં તે સાંજનું છાપું,

અહીં શું નથી? પણ શા સ્વરૂપે !

ત્યાં જ પડતી બૂમ ચાની ,

હું પેન શોધું -

અનુક્રમણિકા

ધર્મપત્નીને બધું બસ ગોઠવી દેવું -

'તૈયાર હું.'

તો એ કહે ‘તૈયાર હું,

આજ વહેલું છે અમારે બાલમંદિર

શનિવારનું !'

બાલમંદિર? આપણું એકે નહીં જેની મહીં!

'આ લ્યો તમારી પેન .'

પેન-

મારે હરઘડી એનું પડે છે કામ-

હું જન્મ-મૃત્યુ નોંધપોથી રાખતો .

---

અનુક્રમણિકા

## શ્રાવણ

મન મારું આજ તો

સામે પડ્યું દર્પણ તૈલ-ઝાંખું,

ના કાલની રાતથી નીંદ લેતાં

વરસી રહ્યાં શ્રાવણ અભ્ર છાનાં

શું નીર ઢોળે મનફાવતું તો

ને સ્નાન વેળા કદી કોઈ કારણે

ચોંટી જતાં લપ્પડ કેશ થાય

અહીંતહીં એમ જ તો બધે થયું ,

પરુ ભરેલા કદી કોઈ કાનમાં

જ્યાં નાખતાં અંગુલિ પચ પચે યથા

અહીં પડે કાદવથી ભરેલા

રસ્તા પરે શ્રાવણ નીરધારા,

હલેચલે ના શું હવા હવાયલી!

થોડુંઘણું જો ફરકી રહે તો

જાણે ન હો ધ્રુજતી ગાય કો ઊભી,

ભીનાં મકાનો, ભીનું આખું આભ,

છે રોષથી કેવલ ચિત્ત કોરું ;

અનુક્રમણિકા

ક્યારે ઊગ્યો સૂર્ય? અને નમી ગયો
ક્યારે?

---

## અશ્વ

વ્હેલી પરોઢથી મચ્યો આષાઢનો વરસાદ,

ને આછી ઘણી છે આવજા રસ્તા ઉપર,

હું હોટલે ચાની ફૂંફાળી બાષ્પને ચાહી રહું જ્યાં રોકવા

ત્યાં સ્ટૅન્ડ પર એકલ નિહાળું કોક ગાડી એકધારી

ક્યારની દદડી રહી,

ને એટલા પલળેલ પેખું ચર્મના એ દાબડા

ઘેરા બન્યા અંધાર જેવા અશ્વની આંખો ઉપર

કે વ્યોમથી પડતું હજી પાણી હવે પાછું પડે,

શોષાય ના ;

બ્રશ સમી કાપેલ એની કેશવાળીની મહીં તો કેટલું રહે?

ધોધ જે પાણી પડ્યું એમાં ઘણું તો વહી ગયું

એ ઠીક,

નહીં તો ક્યારનો ડૂબી ગયો એ હોત !

ને એય પણ કંઈ ઠીક જેવું થાત.

ને હજુ ઉપરાઉપર વરસી રહ્યાં આ વાદળાં,

લિસ્સી રુવાંટીની થકી લસરી રહ્યાં,

થોડાંક પણ એવાં ભરાયાં કાંધ પરના ભારમાં, સામાનમાં,

ને એટલે ચારે તરફ વ્યાપી વળ્યા આ શીતમાં

અનુક્રમણિકા

અકડઈ ગયેલું પુચ્છ ,આખી કાય,

શું એકાદ ક્ષણ બસ અગ્નિની જ્વાળા સમું  ધ્રૂજી ઊઠે ;

નીચી નમેલી ડોક એવા એક ઊંડા કંપથી

ઊંચી થઈને શીઘ્ર પાછી એ ક્ષણે નીચી પડી,

અંગ આખાની મહીં વ્યાપી વળી લાચાર ત્યારે

અશ્વની શુંયે વિમાસણ-

સૂર્યનો રથ જે વહે એ સપ્તમાંથી એક પોતે

ક્યાંથી અહીં આવી પડ્યો?

-----------------------------------

અનુક્રમણિકા

## એ એટલી ઠંડી હતી

એ એટલી ઠંડી હતી મધરાતની,
પડખું ફરું ત્યાં તો પથારીની  ઠરેલી કોર અડતાં
જાગી જતાં હું જોઉં
પડદો ફફડતો,
બારી રહેલી અધખૂલી,
થોડી ઉઘાડી એ વધારે જોશથી જ્યાં બંધ કરવા જાઉં
ત્યાં-
મુજને નિહાળી આટલા સૂમસામ સૂતા શહેરમાંથી
કેટલા પ્રહરો થકી તે
કોઈનીયે રાહ જોતો
આભના થોડાક કટકાની ઉપર
ઠૂંઠવઈ ગયેલો ચંદ્ર ઊઠ્યો,
ચાલતો થથરી રહ્યો , મારી ભણી:
’થોડી જગા ઘરમાં તમારા હોય જો -
આજની આ રાત મારાથી હવે
ઝાઝી કઢાશે ના અહીં ! ‘
હું આ બધું સમજ્યો ન સમજ્યો ત્યાં ત્વરામાં
ઊંઘમાં શા જોશમાંકે કોણ જાણે કેમ –
બારી બરાબર બંધ થઈ ગઈ.

અનુક્રમણિકા

અચિંત ક્યાંથી
અહીં આમ હાથી?
તે વૃદ્ધ
અચિંત ક્યાંથી
અહીં આમ હાથી?
તે વૃદ્ધ
કો  પર્વતના સરીખો!
વહ્યું જતું ક્યાં વટવૃક્ષ ઝૂલતું ?
રિક્ષા અને મોટરની વચે વચે
સરી જતી સાઇકલથી લપાઈ
પોચા પડ્યા ડામરપંથની પરે
સુકાયલા કોઈક હાડકા શી
ચૂના સમી આ ઊડતી બપોરમાં
ધીરે રહીને પગલું શું પોચું
ધરે?
હવામાં દ્વય દંતશૂલે
છિદ્રો પડે , આંખ અતીવ ઝીણી
મકાન ને માણસની છબીને
ઝીલે,
અરધી ઉઘાડી વળી બંધ એટલી
દુકાન ઢાંકે ખસટટ્ટી સુક્કી,

અનુક્રમણિકા

નિરાંતથી લેમન લોક પીતાં
હોટેલમાં ને ભણતા સમે આ
નિશાળમાં તો સહુ છોકરાંઓ;
સિગારના ધૂમ્ર સમો વહી ગયો

અનુક્રમણિકા

## હાડકું

આ એક જે અહીંયાં પડ્યું તે હાડકું

દિન એક એની આસપાસે

માંસ ને મજ્જા,

ધબકતા લોહીનો ટેકો હતું;

એને અડી ગઈ કામનાની છોળ છલકી

ને નિયત  નિજ સ્થાન પર એ એવું તો જીવન મહી

કંઈ કારણે ઊતરી ગયું તો

પીડથી પાછું બરાબર એ કદી બેઠા વિના

જંપ્યું હશે ના!

આજે અહીં તો આસપાસે રાતવેળા

ચાંદની , સાગર ગરજતો, ભરબપોરે

મોરપીંછું, ફૂલ ખીલ્યાં બાગનાં,

ને એમ તો આ વિશ્વ આખું

જે મહીં નીરખી રહી મારી નજર;

કે તે પછી પલમાં ઉપાડી

લઈ જનારું કોક કૂતરું ચાટવા;

આજે હવે પણ કોઈથી એને કશું ના.

# જાળવું

ઝાઝી તને હું જાળવું

પણ તે હવે કેવી રીતે?

કોઈ પતિયાના સમો

જેના ખવાય બેઉ હાથે

ના રહી એકેય છે તો આંગળી

ખાલી હથેળીની મહીં

-વ્રણમાં વળી ગઈ ભાગ્યરેખા-

આવી પડેલી કીમતી કો ચીજને

રે મુઠ્ઠી વાળી રાખવા હું તો મથું,

ઝાઝી તને હું જાળવું,

પણ તે હવે …

---

અનુક્રમણિકા

## હવા

આ ભીંતની જેમ હવા ઊભી છે,

આકાશની જેમ હવા ઊભી છે,

ટટ્ટાર સીધી ફૂટપટ્ટી જેમ .

થપ્પી ભર્યાં ચોરસ કાષ્ઠપાટિયાં;

થપ્પી ભર્યાં ચોરસ લોહ ગોઠવ્યાં;

લખી રહ્યા કોઈક હાથનાય શી

હલે નહીં , ગેહ વિશે જડેલ

લાદી સમી સજ્જડ ચોંટી;

કપાયલા વૃક્ષનું એકલું રહ્યું

જમીન ચોંટ્યું થડ ટોચકું જ,

ટોચોય તે કો નવ પંખીનો પડ્યો.

પાણી ભરેલા ઠલવેલ હોજ શી

ઊભી ઊભી તે બસ ક્યારની ઊભી,

નીચા નમ્યા સૂર્યની સાવ નીચે

સ્વેદે ભીંજાતી અવ રેબઝેબ,

અને તહીં

પસાર થાતાં નિજની મહીંથી--------હલાવતા હાથ હજાર લોક.

અનુક્રમણિકા

## અશબ્દ રાત્રિમાં મટુકીને

જાણ કશી ન થાય
સૂતેલ એવા જલને જગાડ્યું,
બ્હીતાં બ્હીતાં  મેં
જરી થોડું પીધું,
પીધા પછી પાત્ર વિશે વધ્યું તે
ઢોળી દીધું મધ્ય અશબ્દ રાત્રિમાં
                    મજલેથી ત્રીજે ;
તે તો વહ્યું છેક જતાં જતાં તળે
ધીરે ધીરે પાઈપમાં લપાયલી
હેમંતની શીતલ શાંતિના સ્વરો
જગાડતું
 જંપી ગયું ક્ષણોમાં.

અનુક્રમણિકા

## ખિસકોલીઓ

શિશિરની રાત્રિમાં ઠરી ગઈ
આ અગાસી થકી ઊભી ઊભી રહી ભીંતને
સ્હેજમાં તજથી સૂર્ય હૂંફવી રહ્યો ત્યાં જ તો
સેલતી ગેલતી
સુપ્ત સંતાયલી
ક્યાંકથી છટકીને આવી ના હોય શું એવી ઉતાવળે
મચી ગઈ મોજમાં
ઘડી અહીં ઘડી તહીં
ઘડી ઊંચે ઘડી નીચે
-ભેરુ જાણે બધા નીર ન્હાવા પડ્યા-
નીરવ કિલ્લોલને શો સાવ ચગાવ્યો હવામાં અહીં !
નિત્યની ભીંત જે સાવ ચોરસ રહી એ જ વર્તુલ બની;
પલકમાં પુચ્છની પીંછી ચીતરી ગઈ
માહરી આંખમાં ઝૂલતા વૃક્ષ કૈં સામટાં.

અનુક્રમણિકા

## આપણે

જેમાં વસ્યા તેની બરાબર
પથ્થરોનાં બસ મકાનો,

એ મહીં એવાં અચલ
કે આંકડા ઘડિયાળના;

કયારે ગમી છે ખુરશી છોડી જવી ?
ને છતાં શી કાર્યવાહી !
મેજ પરની ફાઇલો તો નિત્ય વધતા કેશ જેવી,
કેશને સંખ્યા કશી – –

ઓહ ! કોકનો છે ફોન ? કયાંથી વાગતો ?
વિક્ષેપ છાપું વાંચતાં,

સારાય જગની સંવેદના તૂટી જતી,
જે આમ તો ચાના ગરમ પ્યાલા પછી પીગળી જતી;
ને નિત્યનાં છાપાં મહીં તો શું રહ્યું ?
કંપોઝ એનું એ જ,
કો લિફ્ટ ઊંચેથી નહીં નીચે ગઇ
ત્યાં યુદ્ધ સૂતું જાગતું,

અનુક્રમણિકા

આજે રિહર્સલ થાય જો અણુબૉમ્બનું દરિયા વિશે,

તો કાલ નાટક ખાનગી;
દરિયા વિશે તો માત્ર થોડાં મત્સ્ય મરશે,
મૃદુ જીવ જેવું કૈંક છે આ વિશ્વમાં
એવું હજીયે આપણે જોયું નહીં,
સૂક્ષ્મદર્શક કાચનું એમાં કશુંયે કામ ના !
છાપા મહીં તો અન્ય એવું કેટલુંયે,
શબ્દના તે શા હિસાબો ?
શબ્દ ?
કો શબ્દના અક્ષર સમા સૌ આપણે કેવા નિકટ !
અર્થ કિંતુ એક ના એનો થતો !
મારા તમારામાં કશોયે ભેદ ના,
કોક છાપાની હજારો પ્રત સમા સૌ આપણે.

## --રાત્રિ

અંધકારનો ઘુમ્મટ ડોલે,
ઘેરી રાતનું તરુવર બોલે;

ચોગમ સૂતી સીમ અદીઠી,
પયથી અધિકી નીંદર મીઠી;

જાગે વ્હેતો જળનો વ્હેળો,

એકલ તારે સૂરનો મેળો;
પાકયા ખખડયા પોઢયા પંથ,
છેવટ થાકી બીડયો ગ્રંથ;
તીવ્ર વેગથી ઊઠતાં તમરાં,
કાષ્ઠ કોરીને ઊડતા ભમરા !
ચગ્યો ભમરડો જેવો તાને,
વેગ પૃથ્વીનો પડતો કાને;
આભ-ઊંડાણે તરતા તારા,

સૌ સંગાથે લોચન મારાં.

## ગાલ્લું

ઊભાં છાનાં ઝાડ :
અંધકારના ઊંચા-નીચા પ્હાડ,
ઉપર અળગો તારક-દરિયો ડ્હોળો,
ખાંસી ચડેલી વૃદ્ધ કાયનું વળ્યું કોકડું –

ચંદ્ર પડયો શું મોળો !

ભાતભાતના ભગ્ન વિચારો મુજમાંથી બહુ જાય વછૂટી
વાદળરૂપે હાર એની તે હજી ન તૂટી !
પવન પંખી શો : કિન્તુ કાપી પ્હોળી કોણે પાંખ ?
એક પછી એક હજી અધિકી ઉજાગરામાં ઊગતી મારે આંખ !

દૂર ઘંટના થાય ટકોરા : વાગ્યા ત્રણ કે ચાર
એક નાનકી ઠેસ ખાઇને કાળ પસાર,
ચોકીદારની લાકડીઓનાં લથડે-ખખડે પગલાં
લાલટેનને હવે બગાસાં ઢગલા;
ઠર્યા દીવાની વાટ સરીખા ચીલા ટાઢા રામ,
ભવિષ્યનો શું ભાર લઇને –

પરોઢ કેરું ગાલ્લું આવ્યું ગામ ?

અનુક્રમણિકા

## ચિહ્ન

ચક્ષુથી નીરખ્યા પદાર્થોની પરે
ના દૃષ્ટિનું કૈં ચિહ્ન જેવુંયે રહે;

એવું જ તો આ વિશ્વ માંહે આપણું

આવવું –

– ચાલ્યા જવું !

---

અનુક્રમણિકા

## પારાવારના ફૂલ

પ્યારાં મુને પારાવારનાં ફૂલ !

લહરી મહીં લખ આવે ને હાથથી જાય શી ભૂલ !

પ્યારાં મુને પારાવારનાં ફૂલ !

એની કને શું આભના તારા,

ધરતીના તે ફૂલના ક્યારા !

સ્મરણે જેના સણકે ઊંડી કોક દી વાગે શૂલ !

પ્યારાં મુને પારાવારનાં ફૂલ !

નીકળે નેણથી નજરું-દોરો,

પલનો તમે ખાવ ના પોરો !

દરિયાના હે દેવ ! તો ગૂંથું આટલું રાખ કબૂલ !

પ્યારાં મુને પારાવારનાં ફૂલ !

-------------------------------------------

અનુક્રમણિકા

## ફૂલ

ફૂલનો પવન લોચન મારે વાયો,

આકાશ ભરાય એટલી સુગંધ લાવ્યો.

કોઈ તરુ ના, કોઈ ના ડાળી, કોઈ ના ડાળખી, પાન;

ફૂલનો ફુવાર એટલો ફૂટે જેમ કવિનાં ગાન :

ફૂલનો સૂરજ હૃદયે વાવ્યો, ફૂલનો વળી છાંયડો છાયો.

ફૂલની નદી, ફૂલનું તળાવ, ફૂલનું નાનું ગામ,

ફૂલનો દીવો, ફૂલહિંડોળો, ફૂલમાં ફોર્યા રામ;

કાળને સાગર જાત ડૂબી ત્યાં તરતાં ફૂલથી ફાવ્યો,

ફૂલનો પવન લોચન મારે વાયો.

---

અનુક્રમણિકા

## દિવસે ડૂબું

દિવસે ડૂબું રાતના ઊગું

કોઈ વેળા હું આભમાં પૂગું.

એકલવાયા તારલા તગે છેક છેવાડે બૂઝે,

દૂર પ્રસારી  સ્હેજ સંકોરું તેજથી પાછા ઝૂઝે;

તમરાંના ત્રમકારથી ઝાઝું

બોલતું આખું આભ તો મૂંગુ.

એક સપાટે લસરી આવ્યો લસતી ચાંદની ધારે,

ભૂલમાં હું તો ઊતરી આવ્યો રાતરાણીના ક્યારે;

મ્હેક મારામાં એમ ભળી કે

ઘેનમાં હું તો મુજને સૂંઘું !

====================================

અનુક્રમણિકા

## ફરતું ફૂલ

ફરતું ફરે છે ફૂલ,

એ તો જલમાં જગવે ઝૂલ.

વ્હેણ વાંકડું  સરતી જાતી સેર,

એટએટલી લેતું લેતું  લ્હેર;

પવન-પ્રીતમાં બેઉ કાંઠે ડૂલ.

કહીં થકી ને કહીં તણાયું,

વ્હેતું ક્યાં ક્યાં વ્હાલ વણાયું;

ફૂલને સોહે નાજુક નમણી ભૂલ.

---

અનુક્રમણિકા

## મ્હેક

મને એક મ્હેક મળી ગઈ
પલ તો જાણે મલય-લહર-લયમાં લળી ગઈ
મને એક મ્હેક મળી ગઈ.

ફૂલ નહીં નહીં કોઈ તે કળી એક અજાણી કાયા,
નમણાં નાજુક અંગ તે સકળ પાલવમાં વીંટળાયાં;
મનની એની મ્હેક મીઠી પણ આંખથી ઢળી ગઈ,
નેણ મીંચી મુજ ઉર ભરું ત્યાં વાટમાં વળી ગઈ !

નામ ન જાણું ઠામ ના જાણું માલતી કે વનવેલ,
છેક હવાને એક આધારે રહેવું કેમ અઢેલ;
સંગ વિના મને રંગ લગાડી શીદને સાંકળી ગઈ,
તાંતણે તાંતણે સાવ છૂટે મુજ લાગણી આંબળી ગઈ !

એમ તો હજી સ્હેજ પેખાતી હળવી એની ચાલ,
જલમાં જાણે એકસરીખો ઊઠતો અતૂટ તાલ;

અનુક્રમણિકા

એક પછી એક વીતતી ઘડી ઘેનમાં ગળી ગઈ,

એકબીજાની ભૂલની પાછળ ભૂલમાં ભળી ગઈ !

---

અનુક્રમણિકા

## છેલછબીલે

છેલછબીલે છાંટી મુજને છેલછબીલે છાંટી,
જમુના જલમાં રંગ ગુલાબી વાટી,

છેલછબીલે છાંટી !

અણજાણ અકેલી વહી રહી હું મૂકી મારગ ધોરી,
કહીં થકી તે એક જડી ગઈ હું જ રહેલી કોરી;
પાલવ સાથે ભાત પડી ગઈ ઘટને માથે ઘાટી !

છેલછબીલે છાંટી !

શ્રાવણનાં સોનેરી વાદળ વરસ્યાં ફાગણ માસે,

આજ નીસરી બ્હાર બ્હાવરી એ જ ભૂલ થૈ ભાસે;
સળવળ સળવળ થાય ઉરે જ્યમ ફ્હેલી ફ્હેરી હો કાંટી !
છેલછબીલે છાંટી !

તરબોળ ભીંજાણી થથરી રહી હું કેમ કરીને છટકું,
માધવને જ્યાં મનવી લેવા કરીને લોચન-લટકું
જવા કરું ત્યાં એની નજરની અંતર પડતી આંટી !

છેલછબીલે છાંટી !

અનુક્રમણિકા

## ઉચાટ

એકલી ઊભી જમનાજીને ઘાટ,

નીરખી રહી નીરમાં કાંઈ, ભરતી નહી માટ !

ક્યાંક બેઠેલો કદંબડાળે

કાનજી ઝૂક્યો જળની પાળે

એની તરતી છબિ સરકી આવી જળના વ્હેણની વાટ.

કરથી સાહી કેમ તે ધારું?

ઘટની માંહે કેમ હું સારું?

અવરને દેખાય ન કાંઈ કોણને કહું ઉચાટ ?

એકલી ઊભી જમુનાજીને ઘાટ,

નીરખી રહી નીરમાં કાંઈ, ભરતી નહી માટ !

---

અનુક્રમણિકા

# કવિઓને પરિપત્ર

( પ્હેલો  રવાના પ્રિયકાન્તને કર્યો...)

ગોપી કને દાણ હવે લઉં ના,
ખાલી પડેલી ગોરસની મટુકી,
વર્ષો થયાં ગોકુલથી ગયાને
સ્થંભી ગઈ ક્યારની રાસલીલા;
ના એની એ તો યમુના વહે છે.

કદમ્બના વૃક્ષ સમું વિલાયું
વ્હાલું હતું જે વ્રજ લીલું લીલું;
મીરાં, દયારામ અનેક તે પછી
ભજી ગયાં ભાવ પ્રચૂર્ણ, કિન્તુ
વિચિત્ર છે સાંપ્રત ચિત્ર કૈંક.

મારી પ્રીતે ગીત તમે કર્યા કરો,

અનુક્રમણિકા

પ્રીતે તમારી કશુંયે કરો નહિ;

પ્રતારણા-પ્રીત-પ્રયોજના છતી

મારા થકી કાળ વિશેષ ગાળો

દીઠી નહીં તે સહ રાધિકાની.

વર્ષો થયાં શબ્દ ન એક બોલ્યો,

હવે પછી ગુર્જર ગીતકારો

ક્યાંયે કર્યું કાવ્ય કશુંય કૃષ્ણનું--

એક્કેક આનો કૃતિદીઠ લૈશ હું

(ખિસ્સે તમારે યદિ લભ્ય હોય તો !),

ગોપી કને દાણ હવે લઉં ના...

---

## લીલાં લીલાં ઝાડ

લીલાં લીલાં ઝાડ

એનાં લીલાં લીલાં પાન
તળાવની ચારે કોર
તળાવ તો લીલું લીલું

એની વળી લીલી લીલી ઝાંય
તળાવનો પડછાયો ઊંચે ચડ્યો
આભ આખું લીલું લીલું

લીલાં લીલાં પાન જેવી

થોડી થોડી ફરફરે માછલીઓ લીલી લીલી
લીલાં લીલાં પાન અડી
તડકાની કરકરી કોર લીલી
પોપટની ચાંચ જેવા

એક માત્ર ઝગી રહ્યા રાતા રાતા સૂર્યદેવ !

*******************

અનુક્રમણિકા

## લાવ થોડી વાર

લાવ થોડી વાર

લીલા ઘાસના આકાશ પર બેસું.

પર્ણમાં પથરાયલાં

વૃક્ષ-ઝરણાંને અઢેલું.

પવનની કો પાતળી

મૃદુ ડાળ

તેને ટપારું .

નગરમાં લક્ષ રહેતાં લોક પૂરાં બાર,

તેના લક્ષ ચોવીસ હાથ,

કંઈ ને કંઈ કરતા ભલે.

હું તો ઘડીભર- બે ઘડી અહીંયાં જ તો

બેસું.

સર્વથી—મારા થકીયે થઈ વિખૂટો

અળગાપણાની મોકળાશ કોણ જાણે કેટલો લેટું !

---

અનુક્રમણિકા

## એક્કેય એવું ફૂલ

એક્કેય એવું ફૂલ ખીલ્યું છે નહીં
કે જે મને હો ના ગમ્યું !

જેટલાં જોયાં મને તો એ બધાં એવાં જચ્યાં
કે જે નથી જોયાં થતું –ક્યારે હવે હું જોઉં...

એમાંત રે આજે વસન્ત

મબલખ ફૂલોના ભારથી ડૂબું ડૂબું નૈયા લઈને નાંગરી
આછા શિશિરના તટ ઉપર

ત્યાં

હું જ ડૂબી  જાઉં છું
હું ભાનમાં બોલી રહ્યો બેહોશ છું
હું ફૂલ પી એવાં ગયો છું ગટગટાવી

આંખમાં એની અસર એવી થતી
જેની સુગંધે જગત આ આખું શ્વસે
તે સૂર્ય મુજને તાતો ખીલેલો લાગતો,
ઓટ-ભરતીમાં ઊછળતા માત્ર પાણીનાં

અનુક્રમણિકા

અરે બહુ પર્ણમાં
સાગર ખીલેલો લાગતો;
પર્વતો પાષાણના કેવા ઠરેલા
તે પણ ખીલેલા લાગતા;
એકસરખું ચોતરફ ફેલાયલું આ આભ પણ
મુજને ખીલેલું લાગતું;
ભમરા સમો ભમતો પવન ને ભમરા સ્વયં
મુજને ખીલેલા લાગતા;
હું આ બધું શું અરે બોલી ગયો
ફૂલથી કે ભૂલથી?
જે કંઈ ખીલ્યા તે શબ્દ મારા--
અહીંતહીં બધે વેરાઈ ગયા !

----------------------------------

અનુક્રમણિકા

# ગધેડાં

વ્હેલી  સવારે જાતાં ખાલી નર્યાં ગધેડાં,
રેતી ભરી ભરીને  કોણે  કર્યાં  ગધેડાં?

પીઠ પર ભરી ઠસોઠસ એની જ ફૂંક કેવળ
બાકી બધાં શરીરે કેવાં ઠર્યાં ગધેડાં !

વ્હેતી નદીનાં પાણી નિત્યે નિહાળ્યાં એથી

થોડાંક ત્યાંથી આવી આંખે ખર્યાં ગધેડાં !

રસ્તો સતત છે બાંધ્યો થોડીક રેતી ઢોળી,
નિજને જ પણ ખબર ક્યાં? ક્યાં ક્યાં ફર્યાં ગધેડાં !

વૈશાખનો જલે છે સૂરજ તો સઘળે તાતો
ઊંચકાય ના એ બોજો તડકે તર્યાં ગધેડાં !

ભડકે બળે છે એવો બુઝાય ના જે પાવક
રેતી લઈને દોડ્યાં તરસે મર્યાં ગધેડાં !

ધખતી બપોર દાઝે વૈશાખ રાતો રાતો

એ સૂર્યની જ સામે ચાંદાં ઝર્યાં ગધેડાં !

અનુક્રમણિકા

પિરામિડો, મકાનો,  મ્હેલો, મિનાર રચવા

હાંફી રહ્યાં હજી—ના એક્કે મર્યાં ગધેડાં !

ભૂખાળવું ઊગ્યું ના સૂકુંય ઘાસ ક્યાંયે

ચારે પગે એ કેવો રસ્તો ચર્યાં ગધેડાં !

---------------------------------------------

## એ લોકો

એ લોકો  પ્હેલાં કાપડના તાકા ભરી રાખે છે
પછી જ્યારે ઉઘાડો માણસ ફાટી જાય છે ત્યારે
વાર વાર વેચે છે.

એ લોકો  પ્હેલાં ધાન્યના કોઠળા ભરી સીવી રાખે છે
પછી જ્યારે માણસ સડી જાય ત્યારે
કિલો કિલો વેચે છે.

એ લોકો  પ્હેલાં ઔષધની શીશીઓ

સંઘરી રાખે છે
અને માણસ જ્યારે ફૂટી જાય છે ત્યારે

થોડી થોડી રેડે છે.
તે તે લોકો છે જ નહીં,

એ તો નોટોને ખાઈ ઊછરતી ઊધઈ,
બીજું એને ભાવતું નથી.

મારે કવિ થવું જ નથી,

ભારે અસર કરનારી જંતુનાશક દવા થાઉં તો બસ !

અનુક્રમણિકા

## સ્નેહ-સમય

લઈ ગયો મારા મસ્ત ગજરાજને

સરોવરમાં સહેલ કરવા.

પેટ ભરીને એણે પીધાં પાણી

અને ઉડાડ્યાંય બહુ ઊંચે

એને પંપાળી પંપાળી ઘસી ઘસીને

નવાડ્યો(નવડાવ્યો ?) નર્યો નેહમાં.

દેહ પર ઝૂલની ચિતરામણ કરવા

રંગનાં કૂંડાં તો કેટલાં ઢોળ્યાં

ત્રિશૂળને તો ક્યાંય દૂર દૂર સંતાડી

કેટલી જાળવી જાળવી

અંબાડીને ગોઠવી.

એના દંતશૂળ ઘસી ઘસીને ઓપ્યા.

એના ફાટેલા મિજાજ જેવા ફાટતા એ દંતશૂળને

પહેરાવેલી ચાંદીનું કડું ચમકાવ્યું.

[અનુક્રમણિકા]

હળવે રહી હું એના પગે હવે જાઉં છું સોનાના ઘૂઘરા બાંધવા

પણ ખવડાવ્યો પિવડાવ્યો નવડાવ્યો

એને થયું શું ....

ધૂળના કચકાણમાં લોહીનો રંગ પણ જોવા મળતો નથી.

એણે શું કચરી કાઢ્યું એનો અવશેષ પણ જડતો નથી.

કાલે સવારે તો રાજાની સવારી નીકળવાની હતી.

-------------------------

અનુક્રમણિકા

# ફૂલનો ફટકો

ફૂલનો લાગ્યો ફટકો અમને ફૂલનો લાગ્યો ફટકો !
આભ ચડયા ને આભ ઊતર્યા વચમાં વીજનો ઝટકો !

આટઆટલાં રૂપ રૂપનાં વાદળ છાયાં એ તો એના
લોચનનો છે લટકો !

અંધકારની કાજળડબ્બી અમે ઉઘાડી મહીંથી નીકળ્યો
ચંદ્રકિરણનો કટકો !

મધ તો મીઠું, મધથી મીઠો અમને લાગ્યો મધમાખીનો
ચટકો !

તમને મળશું એમ માનીને અમે તો રાખ્યો ખોવાવાનો
ખટકો !

મ્હેક મ્હેક એ મળ્યો મોગરો કયાંય ન માતો ભલે
છોડવો બટકો !

ફૂલનો લાગ્યો ફટકો અમને ફૂલનો લાગ્યો ફટકો !

---------------------------------------------------

અનુક્રમણિકા

## કયાંય આકાશ નથી

એક વાર બાગમાં

બેચેન થઇ કુમળા લીલા ઘાસ પર

જગતથી વિખૂટો

બધાં પુષ્પો પ્રત્યે આંખ મીંચીને થોડી વાર મૃત્યુ પામ્યો હતો.

એવામાં – નહીં નાદ, નહીં કિરણ ત્હોય

ઓચિંતી આંખ ઊઘડી ગઈ

ને જોઉં હવામાં એક પંખી

એટલું તો બન્ને પાંખો ફેલાવીને થયેલું સમ-પૃષ્ટ

(એટલે તો એક માત્ર ક્રોસ)

કે સૂર્યકિરણોમાં એટલું તો પારદર્શક

ઝીણી ઝીણી રક્તવાહિનીઓ તગતગી રહી

ઊડતા પંખીએ પોતાનું બધું જ ઉઘાડી નાખ્યું હતું.

પલકમાં તો કયાં પહોંચી ગયું -

હવે કયાંય આકાશ નથી.

-------------------------------------

અનુક્રમણિકા

## ઘૂમી રહ્યું છે

વૃક્ષને ઝુલાવતો પવન જ પાનખર લઇ આવ્યો
પણ મારી વૃક્ષઘટાનાં કેટલાંય પાન હજી તો લીલાંછમ છે;
હા, કોઇક કોઇક ડાળે ડાળે પકવ પીતવર્ણ થઇ ચૂકયાં છે

પણ સહુ હજી આ પવન પાગલ નથી થયો ત્યાં સુધી તો
વૃક્ષથી નથી વિચ્છેદાવાનાં;

પણ ના
આ એક આકુલવ્યાકુલ પંખી
શી ખબર વૃક્ષમાં શું શોધવા વેગથી ઘૂમી રહ્યું છે ડાળે ડાળે ને
તેની ઝપાટે હજી તો ટકી રહેવાનાં હતાં તે પીતવર્ણ
ઢગલો થઇને ધરતી પર ઢળી પડે છે.

---

## સુખદુઃખ

લાલચોળ તપવેલા તાંબામાં સપનાં આળોટે એવું સુખ !

ટીપતાં ટીપતાં કોઢ બહાર નીકળી જાય એટલું લાંબું દુઃખ,

વાસ્તુ કરવાનાં મુરત કાઢવાની વેળાએ જ પડી જાય

મકાનનું ધાબું -

એક ટાપુમાં પડી રહી - વાનરનું કાળજું ખાવાની મને

વીંટળાઇ વળેલી મગરીની મૂર્ખતા -

જિંદગીની બધી વાત હું નથી કહી શકતો –

---

અનુક્રમણિકા

# ચિરંતન સ્મૃતિ

અવકાશમાં અદૃશ્ય

કોઇ કલાધરિત્રી ચિત્રાંકનમાં

દોરે વિદ્યુત તેજરેખાઓ

એટલા કલ્પનાતીત સવેગે

(જેનું પ્રમાણ આપવું અસંભવ એ તો સ્વયં
સાક્ષાત્કારથી જ પમાય)

અને એટલી જ ત્વરાથી

નાખે ભૂંસી

જાણે સર્જનને રચે એવું જ

લિયે સંકેલી-

પોતાની કૃતિ પરત્વે અનન્ય

અલિપ્તતા

છતાં જે દોરાઇ ગઇ આકૃતિ

ક્ષણના સહસ્ર ભાગે

એ તો કોઇનાં લોચનની ચિરંતન સ્મૃતિ.

---------------------------------------------

અનુક્રમણિકા

# પ્રિયકાન્ત પ્રેમચંદ મણિયાર

**જન્મ** : 24 જાન્યુઆરી 1927, વીરમગામ

**અવસાન** : 25 જૂન 1976, અમદાવાદ

**કાવ્યસંગ્રહો :**

પ્રતીક 1953

અશબ્દ રાત્રિ 1959

સ્પર્શ 1966

સમીપ 1972

પ્રબલ ગતિ 1974

લીલેરો ઢાળ 1979

વ્યોમલિપિ 1979

---------------------